# સંઘ પ્રદેશ દમણ અને દીવ,
# સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,
# દીવ

**********************************************************

સં. એએસએફડી/24-એમએફવી/2019-20/ 3224 તારીખ :- 01/11/2019

## સાર્વજનિક સૂચના

દીવ જીલ્લા ના દરેક ફિશેરમેન, બોટ માલિકો તેમજ ફિશેરમેન અસોશિએશન ને જાણકારી આપવામાં આવે છે કે હવામાન ખાતા વિભાગ, અમદાવાદ ના મેસેજ પ્રમાણે હાલમાં **"મહા" નામનું વાવાઝોડુ** દીવ તેમજ વેરાવળ ની સામે 550 કિ.મી. દૂર સ્થિર થયેલ હોય તેના સંદર્ભે **તારીખ 01/11/2019 થી 06/11/2019** દરમ્યાન દીવ તેમજ સૌરાષ્ટ્ર ની સાગરપટ્ટી વિસ્તારમાં ત્રાટકવાની શક્યતા રહેલી છે અને તે 90 કિ.મી. થી 100 કિ.મી. ની ઝડપે તોફાની પવન ફૂકાવાની અને ભારે થી અતિ-ભારે વરસાદ પડવાની સંભાવના રહેલી છે. તોફાની હવામાન અને ભારે વરસાદ ને ધ્યાનમાં રાખતા દરિયાઇ ક્ષેત્રો ના વિસ્તારોમાં ફિશેરમેન ભાઇઓ ની જાન-માલ અને ફિશિંગ બોટોની સલામતી અને સુરક્ષા ને ધ્યાનમાં રાખતા આ કચેરી દ્વારા માછીમારોને જાણ કરવામાં આવે છે કે આગામી મેસેજ ન મળે ત્યાં સુધી દરિયામાં ફિશિંગમાં જવાની સખત મનાઈ કરવામાં આવે છે.

ઉપરોક્ત **"મહા"** વાવાઝોડા ની ગંભીરતાને ધ્યાનમાં રાખતા દરેક ફિશેરમેન, બોટ માલિકો ને સૂચન કરવામાં આવે છે કે જે બોટ માલિકો ની ફિશિંગ બોટો દરિયા માં ગયેલ છે તેમને પાછી બોલાવી સુરક્ષિત જગ્યા પર રાખી તેને વ્યવસ્થિત રસ્સી (દોરડા) સાથે બાંધી લેવાની જાણ કરવામાં આવે છે.

(સુકર આંજણી )
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ

ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,

1. પ્રમુખશ્રી, નગરપાલિકા પરિષદ, દીવ }
2. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, દીવ } જાણકારી તથા વધુમાં વધુ
3. સરપંચ, ગ્રામ પંચાયત, વણાકબારા, સાઉદવાડી, બુચરવાડા, જોલાવાડી }
4. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ, } પ્રચાર- પ્રસાર માટે
5. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ }
6. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ }

પ્રતિલિપિ પ્રેષિત:-

1. માનનીય કલેકટર સાહેબ, કલેકટર કચેરી, દીવ } ............ જાણકારી માટે
2. મત્સ્યોધ્યોગ અધીક્ષક| દમણ } ............ જાણકારી માટે